ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૬૫૯
વેબ સાઈટ -:https://gujrera.gujarat.gov.in

# ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
## ગાંધીનગર

ફરીયાદી:- પરમાર જયદીપસિંહ ફતેસિંહ

મુ.પો. ધુવારણ તા. ખંભાત

આણંદ- ૩૮૮૬૧૦

Email : jaydip.ssnnl@gmail.com

સામાવાળા :- આકૃતિ એન્ટરપ્રાઈઝ

એફ/૧૮૬ આકાશગંગા સોસાયટી

ન્યુ સમા રોડ, વડોદરા- ૩૯૦૦૦૮

પ્રોજેક્ટ : આકૃતિ ડુપલેક્ષ વડોદરા

ફરીયાદી તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : કોઇ નહીં.

સામાવાળા તરફથી હાજર રહેલ પ્રતિનિધિ : જીતેન અમિન- આકૃતિ એન્ટર્પ્રાઇઝ

(કોરમ : શ્રી પી.જે. પટેલ, મેમ્બર-૧ અને ડૉ. દિનેશ બ્રહ્મભટ્ટ, મેમ્બર-૨)

ફરીયાદનં :- CMP/Ahmedabad/180702/0090

ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ * ગુજરેરા *

૨૪/૧/૧૮

૧) ફરિયાદીએ આકૃતિ ડુપ્લેક્ષ , વડોદરામાં ડુપ્લેક્ષ નં. B-93 કરાવેલ અને કુલ રૂ.૩૩.૫૧ લાખ પૂરેપૂરાં
ચૂકવી આપેલ છે પરંતુ હજુ વધુ રૂ.૮૦,૦૦૦/- બિલ્ડર ધ્વારા માંગવામાં આવી રહ્યા છે અને ડુપ્લેક્ષનો
કબજો આપવા માટેની રાહત રેરા ઓથોરીટી પાસે માંગવામાં આવેલ છે.

૨) ફરિયાદીની ફરિયાદ અન્વયે, તા.૦૬/૦૯/૨૦૧૮ નારોજ બંન્ને પક્ષને બોલાવવાંમાં આવેલ પરંતુ બંન્ને
પક્ષમાંથી કોઇ હાજર રહેલ નહીં. ફરિયાદીએ તેમની માતાની બિમારી સબબ આવી શકશે નહીં તેવો ઈ-
મેઇલ તા.૦૬-૦૯-૨૦૧૮ નારોજ કરેલ અને વધુ એક અઠવાડિયા બાદની મુદત આપવા વિનંતી કરેલ જે
અનુસંધાને ફરી બીજી મુદત તા.૨૫-૦૯-૨૦૧૮ નારોજ નક્કી કરવામાં આવેલ જે વખતે પણ ફરિયાદી
ગેરહાજર રહેલ છે અને સામાવાળા હાજર રહેલ છે સામાવાળાએ તેમના તા.૨૫-૦૯-૨૦૧૮ ના પત્ર થી
ત્યાં રૂબરૂમાં સુનાવણી વખતે જણાવેલ છે કે  તેમણે વેચાણ દસ્તાવેજ તા.૧૬-૧૧-૨૦૧૭ નારોજ કરી
આપેલ છે. મકાનનું લીગલ પઝેશન પણ સોંપી દીધેલ છે, ફરિયાદીએ કરેલ માંગણી મુજબની કોઇ રકમ
તેમનાં  ધ્વારા માંગવામાં આવેલ નથી અને ફરિયાદી પોતે આજ ડુપ્લેક્ષ B-93  માં હાલમાં પણ રહેતાં
હોઇ, ચાવી ના આપવાનો ફરિયાદીનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો નથી ફરિયાદીને આ જવાબ સામાવાળાએ
તા.૧૯-૦૯-૨૦૧૮ નારોજ RPAD થી મોકલી આપેલ છે. જેથી ફરિયાદીની ફરિયાદ ગેરસમજણથી થયેલ
હોઇ રદ કરવા માંગણી કરેલ છે.

## હુકમ :-

ફરિયાદી પોતે જ બે મુદ્દતમાં હાજર રહેલ નથી સામાવાળાના જવાબથી ઓથોરીટીને ખાત્રી થયેલ
છે અને ફરિયાદીને તેમની ફરિયાદનું નિરાકરણ થઈ ગયેલ હોવાનું માનવામાં આવે છે આ
ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

મેમ્બર-૧

ગુજરાત સ્થાવર મિલકત નિયમનકારી સત્તામંડળ

મેમ્બર-૨

24/9/18